# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 01-01-2025 EVENING : 7.50 to 8.00
Day : WEDNESDAY National News

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

******************************************************

1) કેન્દ્રીય કેબિનેટે પીએમ ફસલ બીમા યોજના, હવામાન આધારિત પાક વીમા યોજના યથાવત રાખવાની મંજૂરી આપી

2) સરકાર ખેડૂતોના કલ્યાણ માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ હોવાનું જણાવતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

3) ભારત અને પાકિસ્તાને પોતાના પરમાણુ સ્થાપનોની યાદી એકબીજાને સોંપી

4) ડિસેમ્બર 2023ની સરખામણીએ આ વર્ષે જીએસટીની કુલ આવક 7.3 ટકા વધીને રૂ. 1.76 લાખ કરોડથી વધુ થઇ

5) શ્રીલંકન નૌકાદળ દ્વારા મુક્ત કરાયેલા 20 માછીમારો કોલંબોથી ચેન્નાઈ પરત ફર્યા

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CABINET DECISIONS

કેન્દ્રીય મંત્રીમંડળે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અને પુનઃરચિત હવામાન આધારિત પાક વીમા યોજના ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે.

આજે નવી દિલ્હીમાં મંત્રીમંડળની બેઠક બાદ પત્રકારોને સંબોધતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, આ યોજના હેઠળ ફાળવવામાં આવેલી રકમ વધારીને 69 હજાર 515 કરોડ રૂપિયા કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ વીમો લીધેલા 88 ટકા ખેડૂતો, નાના અને સીમાંત ખેડૂતો છે અને આ ખેડૂતોમાંથી 57 ટકા અન્ય પછાત વર્ગો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાંથી આવે છે. મંત્રીશ્રીએ કહ્યું કે, છેલ્લા આઠ વર્ષમાં ખેડૂતોને વીમા યોજના હેઠળ 1 લાખ 70 હજાર કરોડ રૂપિયાની રકમ ચૂકવવામાં આવી છે. શ્રી વૈષ્ણવે કહ્યું કે, 2025ની પ્રથમ કેબિનેટ બેઠક ખેડૂતોને સમર્પિત છે.

(બાઇટ – અશ્વિની વૈષ્ણવ, માહિતી અને પ્રસારણ મંત્રી)

. . . . . . . . . . . . . . . .

# CABINET - DAP FERTILIZER

કેન્દ્રીય મંત્રીમંડળે ડી-એમોનિયમ ફોસ્ફેટ - DAP ખાતરો પર પોષક તત્વો આધારિત સબસિડી વધારીને 3 હજાર 500 રૂપિયા પ્રતિ મેટ્રિક ટન કરવાની મંજૂરી આપી છે. જેનાથી ખેડૂતોને પોષણક્ષમ ભાવે DAPની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે. આજે નવી દિલ્હીમાં કેબિનેટની

બેઠક બાદ મીડિયાને આ માહિતી આપતાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ખેડૂતોને 1 હજાર 350 રૂપિયાના ભાવે 50 કિલોની થેલી મળતી રહેશે. આ નિર્ણયથી અંદાજે 3 હજાર 850 કરોડનો વધારાનો બોજ પડશે, જે કેન્દ્ર સરકાર ઉઠાવશે.

. . . . . . . . . . . . . . .

## PM- CABINET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, તેમની સરકાર ખેડૂતોના કલ્યાણને આગળ વધારવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. કેન્દ્રીય કેબિનેટના નિર્ણયોનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ કહ્યું કે, 2025નું પ્રથમ કેબિનેટ ખેડૂતોની સમૃદ્ધિ વધારવા માટે સમર્પિત છે. તેમણે કહ્યું કે, દેશને તેના તમામ ખેડૂતો પર ગર્વ છે જેઓ રાષ્ટ્રને અન્ન પૂરું પાડવા માટે સખત મહેનત કરે છે.

. . . . . . . . . . . . . . .

## INDIA PAK NUCLEAR

ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ સ્થાપનો અને અન્ય સુવિધાઓ પરના હુમલા અટકાવવા અંગેના કરાર હેઠળ બંને દેશોએ આજે પરમાણુ સ્થાપનો અને અન્ય સુવિધાઓની યાદીની આપ-લે કરી હતી. આ દસ્તાવેજોની નવી દિલ્હી અને ઈસ્લામાબાદમાં વિવિધ રાજદ્વારી માધ્યમો

દ્વારા આપ-લે કરવામાં આવી હતી. બંને દેશોએ આ સંબંધમાં 31 ડિસેમ્બર 1988ના રોજ એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જે 27 જાન્યુઆરી 1991થી અમલમાં આવ્યો હતો. જેમાં બંને દેશો દર વર્ષની પહેલી જાન્યુઆરીના રોજ કરાર હેઠળ આવરી લેવાતા પરમાણુ સ્થાપનો અને સુવિધાઓની એકબીજાને જાણ કરે છે.

. . . . . . . . . . . . . . . .

## INDIA PAK PRISONERS

ભારત અને પાકિસ્તાને આજે રાજદ્વારી સ્તરે એકબીજાની કેદમાં રહેલા કેદીઓ અને માછીમારોની યાદીની આપલે કરી.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે, ભારતે તેની કેદમાં રહેલા 381 પાકિસ્તાની કેદીઓ અને 81 માછીમારોના નામ જાહેર કર્યા છે જ્યારે પાકિસ્તાને તેની કેદમાં રહેલા 49 ભારતીય કેદીઓ અને 217 માછીમારોના નામ જાહેર કર્યા છે. ભારતે પાકિસ્તાની કેદમાંથી કેદીઓ, માછીમારો અને તેમની નૌકાઓ અને ગુમ થયેલા ભારતીય સંરક્ષણ કર્મચારીઓને વહેલા મુક્ત કરવા અને તેમને પરત લાવવાની હાકલ કરી છે. પાકિસ્તાનને 183 ભારતીય માછીમારો અને કેદીઓને, જેમની સજા પૂરી થઈ ગઈ છે તેમની મુક્તિ અને સ્વદેશ પરત લાવવાની પ્રક્રિયા ઝડપી બનાવવા પણ કહેવામાં આવ્યું છે. પાકિસ્તાનને તેની કસ્ટડીમાં રહેલા 18 નાગરિક કેદીઓ અને માછીમારોને તાત્કાલિક કોન્સ્યુલર એક્સેસ

આપવાનું પણ કહેવામાં આવ્યું છે, જેઓ ભારતીય હોવાનું માનવામાં આવે છે અને જેમને અત્યાર સુધી કોન્સ્યુલર એક્સેસ આપવામાં આવી નથી.

પાકિસ્તાનને તમામ ભારતીય નાગરિક કેદીઓ અને માછીમારોને ભારત પરત મોકલવામાં આવે ત્યાં સુધી સલામતી, સુરક્ષા અને કલ્યાણ સુનિશ્ચિત કરવા વિનંતી કરવામાં આવી છે. નિવેદનમાં કેહવામાં આવ્યું છે કે ભારત એકબીજાના દેશમાં કેદીઓ અને માછીમારોને લગતી બાબતો સહિત તમામ માનવતાવાદી બાબતોને પ્રાથમિકતા આપવા માટે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

. . . . . . . . . . . . . .

# NAVY-COMBATANTS

**ભારતીય નૌકાદળ આ મહિનાની 15મી તારીખે મુંબઈમાં નેવલ ડોકયાર્ડ ખાતે સ્વદેશી રીતે નિર્મિત યુદ્ધ જહાજો નીલગીરી, સુરત અને વાઘશીરને સામેલ કરવા જઈ રહ્યું છે. આ ત્રણેય યુદ્ધ જહાજો ભારતીય નૌકાદળની લડાયક સજ્જતામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ યુદ્ધ જહાજો સંરક્ષણ**

સ્વનિર્ભરતા અને સ્વદેશી જહાજ નિર્માણના ક્ષેત્રમાં દેશની અજોડ પ્રગતિને પ્રતિબિંબિત કરશે.

યુદ્ધ જહાજ નીલગીરી ગુપ્તચર સુવિધાઓ અને વિશ્વસ્તરીય ટેકનોલોજીથી સજ્જ છે. સુરત યુદ્ધ જહાજની ડિઝાઇન અને ક્ષમતાઓમાં નોંધપાત્ર સુધારાઓ છે. આધુનિક ઉડ્ડયન સુવિધાઓથી સજ્જ યુદ્ધ જહાજ નીલગીરી અને સુરત દિવસ અને રાત્રિ એમ બંને ઓપરેશન દરમિયાન વિવિધ પ્રકારના હેલિકોપ્ટરનું સંચાલન કરી શકે છે.

વાઘશિર એ વિશ્વની સૌથી શાંત અને બહુમુખી ડીઝલ-ઇલેક્ટ્રિક સબમરીનમાંથી એક છે. જેમાં સપાટી વિરોધી યુદ્ધ, સબમરીન વિરોધી યુદ્ધ, ગુપ્ત માહિતી ભેગી કરવી, વિસ્તાર સર્વેલન્સ અને વિશેષ કામગીરીનો સમાવેશ થાય છે. વાઘશીર વાયર-ગાઇડેડ ટોર્પિડોઝ, એન્ટિ-શિપ મિસાઇલો અને અદ્યતન સોનાર સિસ્ટમ્સથી સજ્જ છે.

ભારતીય નૌકાદળના જણાવ્યા અનુસાર, આ ત્રણેય નૌકાદળના લડાયક પ્લેટફોર્મનું નિર્માણ અને ડિઝાઇન મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ, મુંબઈ ખાતે કરવામાં આવ્યું છે જે દેશની વધતી જતી આત્મનિર્ભરતાનો પુરાવો છે અને યુદ્ધ જહાજોની ડિઝાઇન અને નિર્માણમાં ઝડપી પ્રગતિને પણ દર્શાવે છે. સાથે જ સંરક્ષણ ઉત્પાદનમાં વૈશ્વિક નેતા તરીકે દેશની સ્થિતિને મજબૂત બનાવે છે.

. . . . . . . . . . . . . . .

## GUJARAT NEW DISTRICT

ગુજરાત સરકારે ઉત્તર ગુજરાતના હાલના બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને વાવ-થરાદ નામનો નવો જિલ્લો બનાવવાની મંજૂરી આપી છે.

આજે ગાંધીનગરમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ગુજરાતનો આ 34મો જિલ્લો હશે, જેનું મુખ્ય મથક થરાદ ખાતે હશે. ગુજરાત સરકારના પ્રવક્તા મંત્રી રૂષિકેશ પટેલે જણાવ્યું હતું કે, કેબિનેટે ગુજરાતની 9 નગરપાલિકાઓને મ્યુનિસિપલ કોર્પોરેશનનો દરજ્જો આપવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી છે, જેમાં નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામનો સમાવેશ થાય છે. આ સાથે હવે ગુજરાતમાં 17 મ્યુનિસિપલ કોર્પોરેશન અને 149 નગરપાલિકા હશે.

. . . . . . . . . . . . . . .

## GST COLLECTIONS-DECEMBER

ડિસેમ્બર 2023ની સરખામણીમાં ગયા મહિને વસ્તુ અને સેવા કર - GST કલેક્શન 7.3 ટકા વધીને 1 લાખ 76 હજાર કરોડથી વધુ થયુ છે. ડિસેમ્બર 2023માં કુલ GST આવક 1 લાખ 64 હજાર કરોડ રૂપિયા હતી. ડિસેમ્બરમાં કેન્દ્રીય GST કલેક્શન 32 હજાર 836 કરોડ અને રાજ્ય GST કલેક્શન 40 હજાર 499 કરોડ હતું. એકીકૃત IGST કલેક્શન 47 હજાર 783 કરોડ અને GST સેસ 11 હજાર 471 કરોડ છે. ગયા વર્ષે

નવેમ્બરમાં કુલ GST કલેક્શન 8.5 ટકા વધીને 1 લાખ 82 હજાર કરોડથી વધુ થયું હતું.

. . . . . . . . . . . . . . . .

## FISHERMEN RELEASE

શ્રીલંકન નૌકાદળ દ્વારા એક વર્ષ પહેલા ધરપકડ કરાયેલા 20 માછીમારોને આજે મુક્ત કરવામાં આવ્યા છે. આ માછીમારો કોલંબોથી વિમાન દ્વારા ચેન્નાઈ એરપોર્ટ પર ઉતર્યા હતા, જ્યાં અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું. કેન્દ્ર અને રાજ્ય સરકારના હસ્તક્ષેપ બાદ આ માછીમારોને મુક્ત કરવામાં આવ્યા છે. શ્રીલંકાના રાષ્ટ્રપતિની તાજેતરની ભારત મુલાકાત દરમિયાન આ મુદ્દા પર ચર્ચા થઈ હતી. આ માછીમારોની આંતરરાષ્ટ્રીય જળસીમામાં પ્રવેશ કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . .

## WESTERN COMMAND

એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાએ આજે ભારતીય વાયુસેનાના પશ્ચિમી કમાન્ડનો હવાલો સંભાળ્યો છે. તેઓ ડિસેમ્બર 1986માં ભારતીય વાયુસેનામાં ફાઈટર પાઈલટ તરીકે જોડાયા હતા. તેમની 38 વર્ષની સેવા દરમિયાન તેઓ સંસ્થામાં મહત્વના હોદ્દા પર રહ્યા. તેઓ એર માર્શલ

પંકજ સિન્હાનું સ્થાન લેશે જેઓ 39 વર્ષથી વધુની સેવા પછી નિવૃત્ત થયા હતા.

. . . . . . . . . . . . . . . .

## MAHA-ACCIDENT

મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના અક્કલકોટમાં મેંદરગી પાસે એક માર્ગ અકસ્માતમાં બે મહિલાઓ સહિત ચાર યાત્રાળુઓના ઘટના સ્થળે જ મોત થયા અને સાત લોકો ઘાયલ થયા છે.  અક્કલકોટ ખાતે યાત્રાળુઓને લઈ જતી જીપ સાથે ટ્રક અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો. ઘાયલ વ્યક્તિઓની સારવાર ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . .

## HOCKEY

**હોકી ઈન્ડિયા લીગમાં આજે ઓડિશાના રાઉરકેલા ખાતે થોડીવારમાં મેચ રમાશે. આ મહત્વપૂર્ણ  મેચ  શ્રીચી રાર બેંગાલ ટાઈગર્સ ટીમ ગોનાસિકા સાથે ટકરાશે.**

. . . . . . . . . . . . . . . .

## PREZ- NEW YEAR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવા વર્ષ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિએ નાગરિકોને ભારત અને વિશ્વ માટે ઉજ્જવળ ભવિષ્ય બનાવવા માટે સાથે મળીને કામ કરવાની તેમની પ્રતિબદ્ધતાનો અસરકારક અમલ કરવા વિનંતી કરી હતી.

. . . . . . . . . . . . . . . .